# ધનસુરા પોલીસ નિષ્ક્રિય તસ્કરોનો તરખાટ વધ્યો

ધનસુરા, તા. ૩૦

પ્રાપ્ત માહિતી અનુસાર ગત રાત્રીના સુમારે ધનસુરા શહેરમાં તસ્કરો ચોરી કરવાના ઈરાદે નગરમાં



પ્રવેશેલા. જ્યારે રાત્રીના બે થી ચારના સમયગાળામાં ધનસુરા પોલીસ પેટ્રોલીંગમાં નીકળેલ જે બનાવના સ્થળની બાજુમાં બીજા જીલ્લાની બે થી ત્રણ ગાડીઓ પડી રહેલી હતી. જેને પોલીસે પૂછપરછ કરતાં જોઈન્ટ તુટી ગયેલનું કહેલ. જો પોલીસે કડકાઈથી પૂછપરછ કરી હોત તો તસ્કરો પોલીસના હાથે જબ્બે થઈ જાત.

પોલીસના રવાના થયા પછી તસ્કરોએ શ્રીરામ મોટર રીવાઈન્ડીંગની દુકાનનું શટર અને નકુચો જેકથી તોડી દુકાનમાં રહેલ મોટરનો સામાન, કોપર વાયર તથા ભંગાર મળી એક લાખ રૂપીયાની ચોરી કરેલ જેની ફરીયાદ દેસાઈ અનીલભાઈ મામજીભાઈએ ધનસુરા પો. સ્ટેશનમાં લખાવી હતી. તસ્કરો એક ઘર આગળ પડેલી સાયકલ પણ ઉઠાવી ગયેલા અને અન્ય એક દુકાનનું તાળુ પણ તોડેલ જે કોઈ જાગી જતા ભાગી ગયેલા.

અગાઉ તસ્કરોએ એક બાઈકની ઉઠાંતરી કરેલ અને તેના થોડા દિવસ પહેલા એક બુલેટ બાઈક તથા પીકઅપ ડાલુ પણ ઉઠાવી ગયેલા ત્યારે ધનસુરા પોલીસ હપ્તામાંથી નવરી પડી આ બેફામ બનેલા તસ્કરોને કોઈપણ રીતે પકડી ધનસુરાની પ્રજાને આ તસ્કરોની ચુંગાલમાંથી છોડાવે તેવો ધનસુરાની સમગ્ર જનતાની માંગ છે.

અવાર નવાર તસ્કરો ત્રાટકે છે ત્યારે હોમગાર્ડના જવાનોની રાત્રી દરમ્યાન પેટ્રોલીંગની જવાબદારી સોંપી ધનસુરા પોલીસ પોતાના ક્વાટર્સમાં ભરાઈ રહે છે. જ્યારે હોમગાર્ડના જવાનો રાત્રીના ૧૨ વાગ્યા પછી તેઓ પણ લાંબી ખેંચી નાંખે છે. જેથી તસ્કરોને મોકળુ મેદાન મળી જતાં ધનસુરામાં અવારનવાર ચોરીઓનો સિલસિલો ચાલુ થયો છે. તો પોલીસ સઘન પેટ્રોલીંગ કરી આવા બેફામ બનેલા તસ્કોરને પકડી ધનસુરા નગરમાં શાંતિ સ્થાપે તેવું ધનસુરાની પ્રજા ઈચ્છી રહી છે.

# અરવલ્લી પ્રયોજન કચેરીમાં કરાર આધારિત કર્મચારી લાંચ લેતા ઝડપાયો

અરવલ્લી જિલ્લામાં સરકારી કચેરીઓ માં વહીવટદારો અને વહીવટ વગર કોઈ પણ ફાઈલ કે કાગળિયું આગળ વધતું નથી અને જિલ્લામાં ભ્રષ્ટાચારે માજા મૂકી છે ત્યારે બુધવારે સાંજના સુમારે મોડાસા બસ સ્ટેન્ડ નજીક થી જિલ્લા એ.સી.બી ની ટીમે પ્રાયોજના વહીવટદાર કચેરી,સંકલિત આદિજાતિ વિકાસ પ્રોજેક્ટ માં કરાર આધારિત ડેટા ડેવલોપર તરીકે ફરજબજાવતા કર્મચારીએ વી.ટી.સી કેન્દ્ર ભિલોડા માં ફરજબજાવતા ૧૦ કર્મચારીઓનો છેલ્લા ૪ મહિનાનો પગાર ની ગ્રાન્ટ નાખવામાટે ૨૦૦૦ રૂપિયા ની લાંચ ની રકમ લેતા દબોચી લીધો હતો.



અરવલ્લી જિલ્લા ના ભિલોડા ખાતે વ્યવસાયી લક્ષી તાલીમ કેન્દ્રમાં ફરજબજાવતા ૧૦ કર્મચારીઓનો છેલ્લા ચાર મહિનાથી પગાર ની ગ્રાન્ટ તેમના ખાતામાં નાખવામાટે ચીફ ઈન્સ્ટ્રક્ટર તરીકે ફરજબજાવતા કર્મચારીએ પ્રયોજના વહીવટદારની કચેરી શ્રી,સંકલિત આદિજાતિ વિકાસ પ્રોજેક્ટ માં જવાબદાર કર્મચારીને રજુઆત કરતા કરાર આધારિત ડેટા ડેવલોપર તરીકે ફરજબજાવતા વિપુલ કુમાર શંભુભાઈ રાઠોડે પગાર ની ગ્રાન્ટ ખાતામાં નાખવા બાબતે ૧૦ કર્મચારી ના ૨૦૦ રૂપિયા લેખે ૨૦૦૦ રૂપિયાની લાંચ માંગતા સમસમી ઉઠેલા ચીફ ઈન્ટ્રક્ટરે અરવલ્લી જિલ્લા એ.સી.બી ને જાણ કરતા બુધવારે સાંજે છટકું ગોઠવી મોડાસા બસ સ્ટેન્ડ પાસે થી ૨૦૦૦ રૂપિયા રોકડની લાંચ લેતા રંગેહાથે ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો મોડાસા બસ સ્ટેન્ડ પાસે બુધવારે સાંજના સુમારે એ.સી.બી એ સફળ ટ્રેપ કરતા લાંચિયા અધિકારી ને જોવા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા.એ.સી.બી ની સફળ ટ્રેપ થી ભ્રસ્ટાચારી અધિકારીઓ ફફડી ઉઠ્યા હતી.



## ખેડબ્રહ્મામાં ભગવતી રાંદલ માતાજીના ઉત્સવનું આયોજન

ખેડબ્રહ્માના જીગીશાબેન જતીનકુમાર સુથારના નિવાસસ્થાને રવિવારના રોજ ભગવતી રાંદલ માતાજીના લોટા તોડવાના ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂજન, આરતી તથા ગરબા સત્સંગનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગને સુરેન્દ્રનગરના કથાકાર જયંતીભાઈ શાસ્ત્રીજી મહારાજે સંપન્ન કરાવ્યો હતો. ઉત્સવમાં વડાલી સતાવીસ સુથાર સમાજના પ્રમુખ પરસોત્તમદાસ સુથાર તથા શંકરલાલ સુથાર, મણીલાલ સુથાર, મહેન્દ્રભાઈ સુથાર, ધુળાભાઈ સુથાર તથા અશ્વિનભાઈ સુથાર સહીત મોટી સંખ્યામાં માઈ ભક્તો ઉપસ્થિત રહી ધર્મલાભ લીધો હતો.



અમદાવાદથી અંબાજી છેલ્લા ૧૭૭ વર્ષથી પદયાત્રા કરનાર આનંદી ઈન્દ્રરમણ લાલડંડા પગયાત્રા આજે સવારે વડનગર ખાતે પહોંચ્યો હતો. આ સંઘનું સ્વાગત વડનગરના જયગોગા ગૃપ દ્વારા બહુચર ફાર્મ મુકામે કરવામાં આવ્યું હતું.

# પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ સિવિલ પાસે ટ્રકચાલકે યુવાનને અડફટે લેતા યુવકનું ઘટનાસ્થળે મોત

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ સિવિલ પાસે ટ્રક ચાલકે રોડ ક્રોસ કરતા યુવાનને લોચા રોડ ઉપર પથરાઈ ગયાં હતાં અને શરીર આખું કચરાઈ જતાં તેનાં શરીરના બધા અંગો જુદા પડી ગયા હતાં અને હાલ મૃતક યુવક કોણ





અડફટે લઈ દસ ફુટ ઘસડી જતાં યુવાનનું ઘટના સ્થળે મોત થયું હતું.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર અમદાવાદ તરફ ફુલફાસ્ટ ઓવરલોડ મેટલ ભરીને જતી ટ્રક નંબર- જીજે.૩૧.ટી.૭૫૭૨નો ચાલક બેદરકારી રીતે ટ્રક ફુલફાસ્ટ હંકારી લાવી રોડ ક્રોસ કરતાં યુવાનને અડફટે લઈ તેને દસ ફુટ સુધી ઘસડી ગયો હતો અને યુવાન ટ્રક નીચે કચડાઈ જતાં તેના શરીરના માંસના છે તેની ઓળખ પણ થઈ શકી નથી જયારે અકસ્માત થયા ટ્રાફિક જામ થયો હતો અને પ્રાંતિજ પોલીસને અકસ્માત અંગેની જાણ થતા ઘટના સ્થળે દોડી આવી હતી અને મૃતક યુવાનના શરીરના બધા અંગો ભેગા કરીને છોટાહાથીમાં ભરીને પ્રાંતિજ સિવિલ ખાતે પી.એમ. અર્થે મોકલી હતી અને રોડ ઉપર થયેલ ટ્રાફિક હળવો કર્યોહતો અને ટ્રક ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ભિલોડાના ખલવાડ પાસે ટ્રાવેલ્સચાલકે ટ્રેક્ટરની ટ્રોલીને ધડાકાભેર ટક્કર મારતાં ચાર ઘવાયા

ભિલોડા,તા.૩૦

ભિલોડા-ઈડર ધોરીમાર્ગ ઉપર આવેલ ભિલોડા તાલુકાના ખલવાડ ગામની પ્રાથમીક શાળા પાસે ટ્રાવેલ્સ નંબર. જી.જે. ૦૭. વી.વી. ૯૫૨૧ ના ચાલકે પુરપાટ ઝડપે ગફલતભરી રીતે ટ્રાવેલ્સ હંકારતાં ટ્રેક્ટર નંબર. જી.જે.૯.ઈ. ૫૧૪૮ ની ટ્રોલીને ગત રાત્રે ધડાકાભેર ટક્કર મારતાં ચાર ઈસમો ઘવાયા હતા ત્યારે અન્ય મુસાફરોનો ચમત્કારીક રીતે બચાવ થયો હતો.

ભિલોડા ૧૦૮ એમ્બ્યુલન્સ વાન મારફતે ઈજાગ્રસ્તોને તાબડતોબ કોટેઝ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.મહિસાગર જીલ્લાના ભક્તો રાજસ્થાન રાજ્યના રણુંજા રામદેવ પીર મહારાજના દર્શન કરી પરત આવતા અકસ્માત સર્જાયો હતો.

ઈજાગ્રસ્તો (૧)દિપકભાઈ કાળુભાઈ સોલંકી,સરડીયા,આશરે ઉંમર.વર્ષ-૨૪(૨) ભુરાભાઈ જાલમભાઈ મારીવાડ, કુંભરવાડી, આશરે ઉંમર.વર્ષ-૫૦ (૩)



રાયસીંગભાઈ ભીમાભાઈ પગી,કોટા,આશરે ઉંમર.વર્ષ-૫૦ (૪) સોમાભાઈ પુજાભાઈ પગી, કોટા, આશરે ઉંમર.વર્ષ-૪૫ ને શરીર ઉપર વત્તા-ઓછા પ્રમાણમાં ગંભીર ઈજાઓ પહોંચતાં ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા ત્યારે મેડીકલ ઓફીસરે પ્રાથમીક સારવાર ઈજાગ્રસ્તોને આપી હતી.

ભિલોડા તાલુકામાં પ્રાઈવેટ વાહન ચાલકો મનફાવે તેમ માંતેલા સાંઢની માફક વાહન હંકારતાં હોવાના કારણે અવાર-નવાર નાના-મોટા અકસ્માતો સર્જાતા હોય છે. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રાઈવેટ વાહન ચાલકો પોલીસને મલાઈદાર હપ્તા આપતા હોવાથી પ્રાઈવેટ વાહન ચાલકોને જાણે કે મોકળુ મેદાન મળી ગયું હોય તેમ લોકમુખે ચર્ચાય છે.

## અંબાજી ભાદરવી પૂનમના મહામેળાનો આરંભ

આવતીકાલથી ભાદરવી પૂનમમાં મહામેળાનું આરંભ થનાર છે ત્યારે બનાસકાંઠા જિલ્લા અને રાજ્યભરમાંથી આવતા માઈભક્તોને સલામત મુસાફરી માટે ૧૧૦૦થી વધુ એસ ટી બસોને ભાદરવી પૂનમ માં મેળા માં મુકવામાં આવી છે એસટી વિભાગ દ્વારા અંબાજી જતા પદયાત્રીઓને માં અંબા ના દર્શન કરી ઘરે પરત ફરતી વખતે કોઈ મુસાફરી માં કોઈ મુશ્કેલી નહીં પડે તેના માટે ખાસ તકેદારી રાખવામાં આવી છે યાત્રાળુઓને ગબબર થી અંબાજી જવા માટે સતત ૨૪ કલાક સુધી ન્યુનતમ ભાડા થી બસ સુવિધા શરુ કરવામાં આવી છે ભાદરવી પૂનમ ના મેળા દરમિયાન પાલનપુર ,મેહસાણા ,અમદવાદ અને હિમંતનગરની ૧૧૦૦થી વધુના બસોનું જુદા જુદા ૯ રૂટોદ્વારા સંચાલન કરવામાંઆવશે.

# મધુસુદન માર્કેટના વેપારીઓ દ્વારા ગણપતિ દાદાની ભવ્ય શોભાયાત્રા

**સરોત્રા ગામની બનાસ નદીમાં ગણપતિ દાદાની પૂજા કરી વિસર્જન કર્યું**

ધાનેરામાં મધુસુદન માર્કેટના વેપારીઓ દ્વારા ગણપતિ દાદાની પૂજા અર્ચના કરી ધાનેરા માં ભવ્ય શોભાયાત્રા નિકાળી સરોત્રા ગામની દિવસ સુધી પૂજા અર્ચના કરી હતી અને તે બાદ આજે ધાનેરા શહેર માં ભવ્ય શોભાયાત્રા નિકાળી હતી શીભાયાત્રા માં વેપારીઓ સહીત





બનાસ નદી માં દાદાનું વિસર્જન કર્યું હતું.

ધાનેરા મધુસુદન માર્કેટના વેપારીઓ ધ્વરા દર વર્ષે ગણપતિ મહોત્સવની ધામધૂમ થી ઉજવણી કરે છે ત્યારે આ વર્ષે પણ ખુબજ ઉત્સાહ સાથે ઉજવણી કરી હતી જેમાં તારીખ ૨૫ ના રોજ ગણપતિ દાદાની મધુસુદન માર્કેટ માં સ્થાપના કરી ત્રણ મોટી સંખ્યા માં ધાનેરા ની ધર્મ પ્રેમી જનતા જોડાઈ હતી શોભાયાત્રા ધાનેરા મધુસુદન માર્કેટ થી નીકળીધાનેરા મામા બાપજી ના મંદિરે પહોંચી હતી અને તે બાદ ત્યાંથી સરોત્રા ગામની બનાસ નદીમાં ગઈ હતી ત્યાં વેપારીઓ ધ્વરા ગણપતિ દાદાની પૂજા અર્ચના અને આરતી કરી બાપાનું વિસર્જન કર્યું હતું.

# ધનસુરા કેળવણી મંડળ દ્વારા શુભેચ્છા સમારંભ યોજાયો

ધનસુરા, તા. ૩૦

ધનસુરા કેળવણી મંડળ સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓ તથા કેરવણી મંડળના સંયુક્ત ઉપક્રમે મંડળના પૂર્વ પદાધિકારીઓ તથા





શાળાના નિવૃત્ત કર્મચારીઓનો નિવૃત્ત સમારંભ જે.એસ. મહેતા હાઈસ્કૂલના સાંસ્કૃતિક હોલમાં કેળવણી મંડળના પ્રમુખ કાન્તિભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. કાર્યક્રમના પ્રારંભે સમારંભના ઉદ્ઘાટક ગ્રોમોર ફાઉન્ડેશનના ચેરમેન લક્ષ્મણભાઈ પટેલે દીપ પ્રગટાવી ઉદ્ઘાટન કર્યુ હતુ. આ પ્રસંગે પદ્મશ્રી, સાહિત્યકાર અને વરિષ્ઠ પત્રકાર દેવેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં મુખ્ય મહેમાન પદે જયંતિલાલ એસ. પટેલ, મનસુખભાઈ ભગત, પ્રહલાદભાઈ પટેલ, મોહનભાઈ પી. પટેલ વડોદરા (શિણોલ) સાથે અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહેલ. રામજી મંદિરના મહંત પુરણશરણદાસજીએ આશિર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે કેળવણી મંડળના હોદ્દેદારો, સભ્યો અને વિદ્યાર્થીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં પ્રાર્થના બાદ ગર્લ્સ હાઈસ્કૂલની બાળાઓએ સ્વાગત ગીત સાથે નૃત્ય રજુ કર્યું હતું. કેળવણી મંડળના મંત્રી ગોવિંદભાઈ પટેલે ઉપસ્થિત સર્વે મહેમાનોનું શાબ્દિક સ્વાગત બાદ મહેમાનોનું ફૂલહાર, મોમેન્ટ અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

કેળવણી મંડળના પૂર્વ પ્રમુખ જયંતિલાલ વી. શાહને મંડળમાં વર્ષો સુધી સેવા આપી નિવૃત્ત થતાં તેમનું મોમેન્ટો, શાલ, સન્માનપત્ર અને ફૂલહારથી સન્માન કરવામાં આવ્યું હતું. સાથે મંત્રી જયંતિલાલ સી. શાહની સેવાઓને બિરદાવી નિવૃત્ત થતાં તેમનું પણ શાલ, મોમેન્ટો અને ફૂલહારથી સન્માન કરી શુભેચ્છા પાઠવવામાં આવી હતી. સાથે જે.એસ. મહેતા હાઈસ્કૂલ અને ગર્લ્સ હાઈસ્કૂલના નિવૃત્ત થયેલ શિક્ષકો, કર્મચારીઓ, સેવકનું પણ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નિવૃત્ત થતા પ્રમુખ, મંત્રી શિક્ષકો, કર્મચારી, સેવકના પરિવારના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાસંગિક પ્રવચનમાં પદ્મશ્રી અને વરિષ્ઠ પત્રકાર, સાહિત્યકાર દેવેન્દ્ર પટેલે પ્રેરક પ્રવચનમાં કેળવણી મંડળમાં વર્ષો સુધી હોદ્દા પર રહી સેવા આપવા બદલ પ્રમુખ, મંત્રીને અભિનંદન સાથે શુભેચ્છા પાઠવી નિવૃત્ત થયેલ શિક્ષકો, કર્મચારીઓ, સેવકને નિવૃત્ત થતાં દિર્ઘાયુ માટે શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમનું સુંદર સંચાલન પ્રમુખના માર્ગદર્શન હેઠળ મંડળના મંત્રીઓ અશોકભાઈ પટેલ, પરમાર, ઓ.એસ. આચાર્ય દેસાઈ, અને સ્ટાફે કર્યું હતું.

# મોડાસા તાલુકાના ખેડૂતોએ રેલવે લાઈન જુના સર્વે મુજબ નાખવાની માંગ સાથે જિલ્લા કલેકટરને રજૂઆત

મોડાસા, તા. ૩૦

મોડાસાથી ટીંટોઈ ગામ સુધીની રેલવે લાઈન નાખવા માટે જવાબદાર તંત્ર દ્વારા સર્વેની કામગીરી હાથ ધરાઈ છે ત્યારે ખેડૂતો દ્વારા અગાઉ સર્વે પ્રમાણે જમીન સંપાદન કરવાને બદલે વ્હાલા-દવાલાની નીતિ અપનાવાના આક્ષેપ સાથે અન્ય ખેડૂતોની જમીન સર્વે કરવાના મુદ્દે ખેડૂતોએ સર્વેની કામગીરી અટકાવી દીધી હતી અને વિરોધ નોંધાવ્યો હતો ત્યારે જિલ્લા કલેકટરની અધ્યક્ષતા હેઠળ મિટિંગ બોલાવી જમીન સંપાદનના અધિકારીઓની ઉપસ્થિતિમાં ખેડૂતોની રજુઆત સામે યોગ્ય ન્યાય કરવાની હૈયાધારણા આપવામાં આવી હતી ત્યારે મંગળવારે મોડાસા તાલુકાના ૨૫ જેટલા ગામના ખેડૂતોએ અરવલ્લી જિલ્લા કલેકટર શાલિની અગ્રવાલને આવેદનપત્ર આપી મોડાસા-ટીંટોઈ રેલવેલાઈનનો હાલની નવીન જમીન માપણીનો વિરોધ કરી ૧૯૮૦ અને ૨૦૦૨ માં થયેલ સર્વે પ્રમાણે મોડાસા-ટીંટોઈ રેલ લાઈન નાખવાની માંગ કરી આવેદનપત્ર આપ્યું હતું.



અરવલ્લી જિલ્લા સેવાસદન ખાતે મંગળવારે મોડાસા તાલુકાની ૨૫ જેટલા ગામના ખેડૂતો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને રેલવે વિભાગની સર્વેની કામગીરી સામે સૂત્રોચ્ચાર પોકારી જિલ્લા કલેકટર શાલિની અગ્રવાલને આવેદન પત્ર આપી જણાવ્યું હતું કે મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા રેલવે સ્ટેશન કાયમી રાખી રેલવે વિભાગ દ્વારા ૧૯૮૦ અને ૨૦૦૨માં ટીંટોઈ સુધી સીધી રેલવે લાઈન નાખવામાં આવે જેથી હાલ ચાલી રહેલ સર્વે વાયા પહાડપુરથી રેલવે લાઈન નાખવામાં આવે તો ૨૩ કિલોમીટરના બદલે ૧૬ કિલોમીટર જ લાઈન નાખવી પડે અને મોડાસા છોડ્યા પછી મોટાભાગની જમીનો સરકારી પડતર અને પંચાયત ખરાબાની હોવાથી અને હાલનું રેલવે સ્ટેશન જિલ્લાવાસીઓ માટે સાનુકૂળ અને રેલલાઈન લુણાવાડા, ગોધરા, બાંસવાડા સુધી જોડવામાં પણ સાનુકૂળતા રહેશે અને સાત વર્ષ પહેલા ૨૦૧૧માં કરેલ સર્વે અને અરવલ્લી જિલ્લો બન્યા પછી ભૌગોલિક પરિસ્થિતિ બદલાયી હોવાથી જુના સર્વે પ્રમાણે રેલ લાઈન નાખવાની માંગણી કરી હતી અને હાલ ચાલી રહેલ સર્વે પ્રમાણે મોટાભાગના ગામડાની ખેતી લાયક જમીનો રેલ લાઈનમાં જતી હોવાથી ખેડૂતો જમીન વિહોણા બનશે અને ટ્રેક-૩ સર્વે પ્રમાણે રેલલાઈન નાખવામાં આવશે તો મોડાસાથી દૂર રેલવે સ્ટેશન બનાવથી લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડશે અને રાત્રીના સમયે મહિલાઓની સુરક્ષા જોખમાશે જેથી ૧૯૮૦ અને ૨૦૦૨ માં મોડાસા- ટીંટોઈ સુધીના જોડાણના સર્વે પર રાષ્ટ્રપતિ ની મંજૂરી પણ મળી ગઈ હતી અને ખુંટ પણ મારી દેવાયા હતા ત્યારે જવાબદાર તંત્ર ૨૦૧૧ના સર્વે પ્રમાણે જમીન સંપાદન કરવાની કામગીરી હાથધરાતા જુના સર્વેપ્રમાણે મોડાસાથી ટીંટોઈ સુધી સીધી રેલ લાઈન નાખવાની માંગ સાથે ન્યાય નહિ મળેતો આગામી સમયમાં ખેડૂતો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે છતાં આગળની કાર્યવાહી થશે તો આત્મવિલોપન કરવા જેવા પગલાં ભરવાની ફરજ પડશેની ચીમકી ઉચ્ચારી હતી.





## મોડાસામાં ગણેશોત્સવ ધામધૂમથી ઉજવાયો

મોડાસા નગરમાં ભારે ધામધૂમ અને ધાર્મિક ઉત્સાહના વાતાવરણમાં ગણેશોત્સવ ઉજવાઈ રહ્યો છે. વિશ્વ હિન્દુ પરિષદ મેદાનમાં સાંઈગૃપ દ્વારા દરરોજ વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાય છે. જેમાં અવનવી હરિફાઈઓ યોજવામાં આવે છે. બાળકો માટે ફેન્સી ડ્રેસથી હરીફાઈ યોજાઈ હતી. જેમાં બાળકો ભાગ લઈને લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. જેમાં નિવાન, નિરવ જોષીએ સરસ ડ્રેસકોડ સાથે ભાગ લઈ આકર્ષણ જમાવ્યું હતું.